આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મીન

આજના ગ્રહોની કુંડળી



સવારે પોણા નવ વાગે મીનનો ચંદ્ર થશે. કાલ સર્પ યોગ પૂરો થયો. ચાંડાલ યોગ ચાલુ છે.

મેષ બારમે ચંદ્ર ગગનવિહારી કલ્પના શક્તિમાં આપ વિહાર કરો તેવો યોગ બનાવે છે. સારા સારા વિચારો આવે - ચમત્કારો થશે તેવું લાગ્યા કરે - સારો દિવસ થાય.

વૃષભ સાતમે શનિ અને અગિયારમે ચંદ્ર દિવસ ખર્ચાળ બનાવે આઠમે શુક્ર પણ સૌંદર્ય પ્રસાધનો - ઝવેરાત પાછળ ખર્ચા કરાવે - સંયમ રાખવો.

મિથુન સાતમે શુક્ર તમોને રોમેન્ટીંગ બનાવે - ધ્યાન રાખીને ચાલશો તો ઓછા ખર્ચા થશે નહીં તો વધુ પડતા ખર્ચાના કારણે દેવું થવાના યોગો છે.

કર્ક સાતમે સૂર્ય બુધની અસરો રહેશે પરંતુ સૂર્ય અંશાત્મક વૃદ્ધાવસ્થામાં આવેલ હોઈ સૂર્યની ખરાબ અસરો ઓછી છશે. ચોથે મંગળ ક્રોધ - ગુસ્સો કરાવે નહીં તેનું ધ્યાન રાખવું.

સિંહ રાશિમાં ચાંડાલ યોગથી તમારી વાણી દુષિત થાય છે - સંયમ જાળવવો - વાણી પર કાબૂ રાખવો - અપશબ્દોનો પ્રયોગ બિલકુલ ન કરવો - સાવચેતી રાખવી.

કન્યા સાતમે ચંદ્ર તમારી અનહદ લોકપ્રિયતા વધે તેવું સૂચવે છે - પ્રિય પાત્રથી આનંદમય દિવસ થાય - તેવા યોગ છે - બારમે રાહુ તમારી વાણી દુષિત ના કરે તેનું ધ્યાન રાખશો.

તુલા રાશિમાં મંગળ ને છઠ્ઠે ચંદ્ર - બંને યોગ તમારી વાણી ખરાબ કરે તેવા યોગ છે - ધ્યાન રાખીને ચાલશો તો નુકસાન ઓછું થશે - કૌટુંબિક કલેશ થવાના યોગ છે.

વૃશ્ચિક પાંચમે ચંદ્ર ને કારણે સંતાનો તરફથી તમોને અતિશય પ્રેમ મળશે તેમજ તેઓની પ્રગતિના સારા સમાચાર મળશે - તમારો દિવસ આનંદજમાં જશે.

ધન રાશિમાં શુક્ર તમોને આનંદ મંગલમાં તમારો આખા દિવસનો સમય પસાર થઈ જાય તેમ સૂચવે છે - કુટુંબને આનંદ મંગલ કરાવશો.

મકર ત્રીજે ચંદ્ર ભાઈ - બહેનો તરફથી સારા આનંદના સમાચાર મળે તેમ સૂચવે છે તેમજ દસમે મંગળ રાજ્ય સરકાર તરફથી અને આગેવાનો તરફથી લાભ મળે તેમ સૂચવે છે.

કુંભ બીજે ચંદ્ર સમુદ્રથી તેમજ પરદેશથી લાભો મળે તેમ દર્શાવે છે. આજે તમારો દિવસ ચોક્કસ સારો જશે. સાતમે ગુરુ ધર્મ પ્રત્યે આસ્થા વધારે.

મીન રાશિમાં ચંદ્રથી આજે તમો જુદી જુદી કલ્પનાઓમાં રાચતા રહેશો - સાહિત્ય પ્રત્યે રૂચિ રહેશે - કોઈ નાનો આર્થિક લાભ થાય - પડવા - વાગવાથી સાચવવું.

ખેડબ્રહ્મામાં ખેતીની જમીન મામલે જાનથી મારી નાખવાની ધમકી

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા ગામમાં વેચાણ આપેલ જમીનના કબજા મામલે બીભત્સ શબ્દો બોલી ગડદાપાટુનો માર મારી તથા લાકડીથી એકબીજાને ઈજા પહોંચાડવાના સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ત્રણ મહીલાઓ સહીત છ વ્યક્તિઓ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સામસામે ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર પટેલ રેવાભાઈ પુંજાભાઈની વિધવા લક્ષ્મીબેન તથા તેમના દિયર ઈશ્વરભાઈ પુંજાભાઈ પટેલની ખેડબ્રહ્માના આરાધના સિનેમા પાછળ જમીન આવેલી છે. લક્ષ્મીબેનના પતિ રેવાભાઈની હયાતીમાં બ્લોક નં. ૬ પૈકી ૨ વાળી જમીન ઈશ્વરભાઈએ વેચાણ આપી હતી. આ જમીન પરત લેવા માટે બુધવારે સવારે ઈશ્વરભાઈ પટેલ તથા તેમના પત્નીએ ઝઘડો કર્યો હતો અને બીભત્સ શબ્દો બોલી લક્ષ્મીબેનની પુત્રવધુ ગીતાબેન સાથે મેનાબેન ઈશ્વરભાઈએ ખેંચતાણ કરી ગડદાપાટુનો માર માર્યો હતો તથા લાકડી વડે ઈજા પહોંચાડી હતી. દરમિયાન ગીતાબેનનો પુત્ર હર્ષ ત્યાં આવી જતાં ઈશ્વરભાઈ અને તેમના પત્ની તથા પુત્રે ત્યાંથી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બીજી બાજુ ઈશ્વરભાઈ પટેલે તેમના ભાભી વિરૂદ્ધ લખાવેલી ફરીયાદ અનુસાર સંયુક્ત માલીકીના બ્લોક નં. ૬માં ઈશ્વરભાઈના હીસ્સાની જમીનમાં તેમના ભાભી લક્ષ્મીબેન કાચુ બાંધકામ કરતા હતા તેથી જમીનનો કબજો આપી દેવા જણાવતા લક્ષ્મીબેન ઉશ્કેરાઈ ગયા હતા અને આ જમીન વેચાણ આપેલ હોવાનું કહી બિભત્સ શબ્દો બોલતા હતા તેમના ઉપરાળામા તેમની પુત્રવધુ ગીતાબેન તથા પૌત્ર હર્ષ ત્યાં આવી ગયા હતા અને બીભત્સ શબ્દો બોલી બંનેએ મેનાબેન સાથે ખેંચતાણ કરી ઈશ્વરભાઈ તથા મેનાબેન બંનેને લાકડી વડે ઈજા પહોંચાડી હતી.

આ અંગે લક્ષ્મીબેન અને ઈશ્વરભાઈ બંને દિયર ભોજાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં સામ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસાના સર્વોદયનગરની દુકાનમાં આગ ભભુકી ઉઠી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલ સાંઈમંદિર સામેથી જવાતા સર્વોદયનગર વિસ્તારમાં રહેતી વિધવા મહિલા શારદાબેન પ્રવીણભાઈ બામણીયા પોસ્ટ કોલોની આગળ કેબીનમાં ગોળી-બીસ્કીટ, પાન-મસાલા સહિત ચીજવસ્તુઓનો વેપાર કરી ગુજરાન ચલાવતી હતી અને લોકોના ઘરે ઘરકામ કરી જીવન નિર્વાહ ચલાવતી મહિલાના કેબીનમાં મંગળવારે રાત્રે અગમ્ય કારણોસર આગ લાગતા કેબીન સહિત અંદર રહેલા માલસામાન બળી જતા મહિલા પર આભ તુટી પડ્યું હતુ. મંગળવારે રાત્રે કેબીનમાં લાગેલી આગ અંગે લોકો તરેહતરેહની ચર્ચા કરતા હતા. આ આગ અગમ્ય કારણોસર લાગી કે કોઈ અસામાજીક તત્વોએ લગાડી ? જેવા પ્રશ્નો પેદા થયા હતા.

ડીસાના રાણપુર ગામે કાળોતરા નાગ સાથે મોતનો ખેલ ખેલતા યુવકનું 'સર્પ ડંસ'થી કરૂણ મોત

ડીસા, તા. ૧૦

હિન્દી ફિલ્મોના દિલધડક સ્ટંટ દૃશ્યો માત્ર કેમેરાની કરામત અને વિડીયો એડીટીંગનો કમળ માત્ર હોય છે. ફિલ્મોમાં પણ જીવલેણ બની શકે તેવા પશુ પક્ષી અને સાપ સાથે અદાકાર અચરજ પમાડે તેવું ફિલ્માંકન કરી લોકોને મંત્રમુગ્ધ કરતા હોય છે ત્યારે આવા કારણમાં ક્યારેક જીવલેણ બનતા હોય છે. ત્યારે આવા જ એક બનાવમાં દારૂના નશામાં ઉન્માદિત બનેલા એક યુવકે જીવિત કાળા નાગને પોતે જાણે સાક્ષાત શિવ અવતાર હોય તે રીતે પકડી, ગળામાં લપેટી, કલાકો સુધી તેની સાથે અડપલા કરતા આ યુવકને સર્પે અનેક ડંસ મારતા તેનું કરૂણ મોત થયું હતું. જેનાથી ભારે ચકચાર મચી છે.

આ ઘટનાની મળતી માહિતી જોઈએ તો બનાસકાંઠાના ડીસા તાલુકાના રાણપુર ગામે રહેતો ખેડૂત સોમસિંહ ગેમસિંહ વાઘેલા નશાની આદત ધરાવતો હતો. જેમાં તેને ગઈકાલે ખેતરમાં કાળો નાગ જોતા ઝડપી પાડી પોતાના કબજે કર્યો હતો. બસ તે બાદ દારૂના નશામાં ઉન્માદિત આ યુવકે સાપને ગળામાં લપેટી પોતે સાક્ષાત 'શિવ અવતાર' હોય તે રીતે ગામના મંદિરોમાં ફર્યો હતો. તેનું આવું રૂપ જોઈ લોકો પણ ધાર્મિક રંગે રંગાઈ જાય 'ગોગા-જય ગોગા' કરી તેનું અભિવાદન કરતા આ દર્શને કેમેરે કંડારતા જોવા મળ્યા હતા. જો કે કાળો નાગ આ દરમ્યાન તેનું રોદ્ર રૂપ બતાવી ચુક્યો હતો. ઝેરના પારખા ન હોય તેમ છતાં યુવકે કલાકો સુધી સાપને પોતાના પાસે રાખ્યો હતો અને આ નશામાં ઉન્માદિત બનેલા યુવકને ચીડાયેલા સાપે અનેકો વાર ડંસ દેતા મોડી રાત્રે આ યુવકને ઝેરની અસર વર્તાઈ હતી. જે બાદ તેનુ ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. આમ ઝેરી સાપને દારૂના નશામાં ઉન્માદિત બનેલા યુવકે પકડી તેની સાથે ખેલ ખેલતા પોતાનો જીવ ગુમાવ્યો હતો. આમ નશાયુક્ત હાલતમાં ઉન્માદિત યુવકે સર્પ સાથે મોતનો ખેલ ખેલતા તેને પોતાનું જીવન ગુમાવ્યું હતું અને પરિણિત એવા આ યુવકના પરિવારજનો આ ઘટના બનતા નિરાધાર બન્યા છે.

પ્રાંતિજ એગ્રો બીઝનેસના વેપારીઓએ ધંધા રોજગાર બંધ પાળી પ્રાંત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા.૧૦

પ્રાંતિજ ખાતે એગ્રો બીઝનેસ સાથે સંકળાયેલા અને ધંધો કરતા વેપારીઓ દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ પ્રાંત કચેરી ખાતે નવા કાયદાના વિરોધમાં આવેનદપત્ર આપવામાં આવ્યું.

પ્રાંતિજ તથા તાલુકામાં એગ્રો બીઝનેસ કરતાં વેપારીઓ દ્વારા તા. ૯-૨-૨૦૧૬ને મંગળવારના રોજ વેપાર ધંધો બંધ પાળી રેલી કાઢી રેલવે સ્ટેશન ઉપર આવેલ પ્રાંત કચેરી ખાતે ઉપસ્થિત સિરેદારને આવેદનપત્ર આપ્યું હતું અને કાયદામાં સુધારો લાવવા તથા વેપારીઓને તાલીમ આપવામાં આવે તો તાલીમનું સ્થળ જે તે તાલુકાનું જાહેર સ્થળ રાખવું અને રજાના દિવસે તાલીમ ગોઠવવી અને અનુભવી વેપારીઓને તાલીમમાંથી મુકિત આપી તેમના પરવાના લાયક વ્યકિત સિવાય પણ ચાલુ રાખવા દેવા માંગણી સાથે આવેદનપત્ર સાથે રજુઆતો કરી સરકાર સુધી પહોંચાડવા એગ્રો બીઝનેસ એસોસિએશનના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામમાં આવેલ રામદેવપીર મંદિરમાં જયોત પાટ તેમજ રામદેવપીર ભોજનાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. સત્તાવીસ ગોળ પ્રજાપતિ સમાજ દ્વારા રામદેવપીર મંદિરે સવારે જયોત પાટમાં યજ્ઞ યોજાયો હતો. જયારે બાબુભાઈ પ્રજાપતિ પરિવાર દ્વારા રામદેવપીર ભોજનાલયને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. ઉપરાંત રાત્રે ભજન કિર્તન યોજાયા હતા. આ પ્રસંગે પ્રજાપતિ સમાજ સહીત ધર્મપ્રેમી જનતાએ ભાગ લીધો હતો મંદિરના મહંત હરિચરણદાસ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકમાર્કેટની આસપાસ આવુ મલ્ટી સ્ટોરેજ પાર્કિંગ બનાવવા માટે સ્થળની પસંદગી અંગેની કવાયત ચાલી રહી છે. આ ઉપરાંત સે. ૭માં અથવા સે. ૬માં પણ સ્થળની પસંદગી માટેની કવાયત ચાલતી હોવાનું જાણવા મળેલ છે. સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણીમાં યોજાતા આંદોલનત્માક કાર્યક્રમો દરમ્યાન પાર્કિંગની મોટી સમસ્યા થતી જોવા મળી રહી છે. સે. ૭માં ભરાતા શાકમાર્કેટને કારણે પણ પાર્કિંગની સમસ્યા સાંજના સમયે વધારે થતી જોવા મળી રહી છે.

આ સંજોગોમાં મનપા દ્વારા સ્થળની પસંદગીનો નિર્ણય વિભાગ પર છોડી તે અંગેની દરખાસ્ત તૈયાર કરી આગામી એકાદ બે સપ્તાહમાં મોકલી દેવાશે. ગાંધીનગર શહેરમાં વધતા જતા વાહનોને કારણે પાર્કિંગની સમસ્યા વધતી જાય છે. આ ઉપરાંત આવુ મલ્ટી સ્ટોરેજ પાર્કિંગની શહેરમાં ઘણા સમય જુની હોવાથી હવે સરકાર દ્વારા તંત્રની દરખાસ્તનો સ્વીકાર થતાં આ પાર્કિંગની સમસ્યા હળવી કરવાનો માર્ગ મોકળો થયો છે.

ભૂમિકા અદા કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુખ્યમંત્રીએ સાંસદોને આપી હતી. કેન્દ્ર સરકાર સાથેની રાજયની અગત્યની બાબતોમાં સૈધાંન્તિક સહમતિ સાથે કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોમાં આ બાબતોના ઉકેલની પ્રક્રિયા વેગવંતી બની છે તેને પરિણામે રાજયની ગતિ પ્રગતિને નવી દિશા મળી છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ સાંસદઓને એમ પણ જણાવ્યું કે ગુજરાતના પ્રશ્નો તથા તેની સ્થિતી અંગે સંસદના ગૃહોમાં રજુઆત કરવા માટે અન્ય પુરક માહિતી સાંસદોને જરૂરિયાત જણાવે રાજય સરકાર અને તંત્ર અવશ્ય સમસયર પુરી પાડશે. સાંસદો પણ સંદર્ભમાં તેમને મળતા જવાબો વિગતો સરકારના ધ્યાને મુકે તેવો અનુરોધ પણ કર્યો હતો.

જિલ્લા પંચાયતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમિતિઓની રચના વેળાએ થયેલા વિવાદ પછી હવે સત્તાધારી કોંગ્રેસ પક્ષ પણ છાશ ફૂંકી ફૂંકીને આગળ વધવાના મૂડમાં છે અને પ્રથમ બે મહત્વની ગણાતી આ સમિતિઓની રચના બાદ શિક્ષણ, આરોગ્ય અને ઉત્પાદન સહકાર સમિતિની પ્રથમ બેઠક યોજવાની દિશામાં આગળ વધશે. આ પછી ત્રીજા તબક્કામાં બાકી રહેલી સમિતિઓની પ્રથમ બેઠક યોજવામાં આવશે.

જિલ્લા પંચાયતની નવ સમિતિઓમાં ચેરમેનની નિયુક્તી મુદ્દે પ્રદેશ મોવડીઓ સાથે ચર્ચા કરી અને નિર્ણય લેવામાં આવશે તેમ પણ અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. કેટલાક આગેવાનો પેથાપુર નગરપાલિકાની ચૂંટણી હોવાથી તે પછી જ આ સમિતિઓના ચેરમેનોની નિયુક્તીનો મામલો હાથ પર લેવાશે તેમ માની રહ્યા છે.

પોષણક્ષમ ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજુઆત કરીને પુન દિવેલાના વેપારને નહીં દાખલ કરવા દિવેલાના ટેકાના ભાવો નક્કી કરવા નિકાસ સહાય જાહેર કરવા અને જે કોમોડીટીને સામેલ કરવામાં આવેલ છે. તેનાથી કિસાનો ને કોઈ જ ફાયદો થતો ન હોવાના કારણે તેની પૂર્ન સમીક્ષા કરીને આ વેપારોને પણ બંધ કરવા જોઈએ તેવી રજુઆત કરવામાં આવી છે. તેઉપરાંત કિસાનોના સંવેદનશીલ પ્રશ્નો જેવા કે આડેઘડ વીજ ચેકીંગ, ખોટા દંડનીય બીલો, રીસર્વેની ગંભીર ભૂલો, ખેતી પાકોના ભેલાણ બજેટમાં કૃષિ પ્રાધાન્ય, બાકી વિજ જોડાણો આપવા ૧ ટકાના દરે પાક ધિરાણ દુધમાં લીટરે ૨ બોનસ સહાય, ડ્રીપ ઈરીગેશનમાં સહાયનું ધોરણ ૮૦ ટકા કરવું.

હેલ્મેટ ફરજીયાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પામ્યા હોવાનું સર્વે દરમ્યાન એસપીને ધ્યાને આવ્યુ છે જેને પગલે હવે માર્ગ અકસ્માતમાં મૃત્યુ અટકે તે આશયથી એસપીએ વાહનચાલકોના હિતમાં જ લાલ આંખ કરી છે. આવતીકાલે ગુરૂવારથી ગાંધીનગર શહેર વિસ્તારમાંથી એવો એક પણ વાહન ચાલક દંડની પાવતી લીધા વિના નિકળી નહી શકે જેને હેલ્મેટ અથવા સીટ બેલ્ટ નહી પહેર્યો હોય..! આજે એસ.પી.એ ટ્રાફીક પોલીસ અને સ્થાનિક પોલીસને બોલાવીને કડક સુચના આપી દીધી છે કે આવતીકાલથી પાટનગરમાં ડેઈલી ટ્રાફીક ડ્રાઈવ થવી જોઈએ...! કોઈ પણ વાહનચાલક નિયમ તોડીને શહેરમાં ફરતો દેખાય તો તેને દંડ ફટકારી દેવા અને કોઈની વાત કે ભલામણ નહી સાંભળવા સુચના આપી દેવાઈ છે. શહેરમાં એસપી ઓફીસ ખાતે સ્થિત સીસીટીવી સર્વેલન્સ રૂમમાંથી આઠ પોઈન્ટ પર કેમેરા મારફતે નજર રાખી દંડ ફટકારાશે તે ઉપરાંત પોલીસની ૧૨ ટુકડીઓ અલગ અલગ પોઈન્ટ ઉપર આકસ્મિક ઉભી રહેશે અને દંડનીય કાર્યવાહી દરરોજ ચાલુ રાખશે..!

એસપીએ પોલીસ સ્ટેશનના અમલદારોને ખાસ સુચના આપી છે કે પોલીસ સ્ટેશનથી ડ્રાઈવ માટે નીકળતા પહેલા પોતાના પોલીસ સ્ટેશનમાં આવતા પોલીસ સ્ટાફને પણ ચેક કરી લેવા..! પોલીસે પણ ચુસ્ત પાલન કરવું પડશે તેવો આદેશ આપ્યો છે. તે ઉપરાંત સૌથી વધુ પોલીસ જવાનોને દંડ ફટકારનાર ટ્રાફીક પોલીસને એસ.પી. પ્રોત્સાહક ઈનામ આપશે તેવી જાહેરાત પણ કરી દીધી છે. આ કડક અમલવારીમાં અનેક પડકારો આવશે તેને ઝીલવા માટે તૈયાર હોવાનું એસ.પી.એ જણાવ્યું છે.

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

વિદ્વાનો. સંશોધકો, ચિંતકો, કલાકારો, તેજસ્વી વિદ્યાથીઓ, શિક્ષકોનું બહુમાન થવું જોઈએ. તેમજ કેળવણી પ્રત્યે વધુ ને વધુ જાગૃતિ આવે એવા પ્રયાસો આદરવા જોઈએ...

પ્રકૃતિમાતાના ખોળે ખેલવાનો આ દિવસ છે. કુદરત સરળ-સહજ ને સરસ લાગે, આપણા જીવનમાં આવી વસંત ખીલે તો?! અહં શૂન્યને સહજ બની શકાય ખરું? નિસર્ગ આપણને એ શીખવે છે.

નિરાશા, હતાશા, વેદના, વૈફલ્ય, વ્યાકુળતાને દૂર કરી જીવનશ્રીની ઉજવણી કરીએ. વસંત તો જીવનની વિધાયક દ્રષ્ટિમાં છે. વસંતનો ભર્યો ભર્યો વૈભવ સૌના જીવનમાં પ્રવેશો એવી મંગલકામના!!

વિદ્યા દદાતિ વિનયમ, વિનાયાત યાતિ પાત્રતામ્
પાત્રતાત ધનામાપ્નોતિ, ધનાતૃ ધર્મઃ તત્સુખમ્
સ્પર્શમણિ

"શારદા મંજુલહાસિની બાલા નથી, મનમોહિની મુગ્ધા નથી, વિલાસચતુરા પ્રૌઢા નથી, તે નિત્ય યૌવના પણ સ્તન્યદાયિની માતા છે. મા શારદાનાં સ્તન્યનો જે હોઠને સ્પર્શ થયો તે હોઠ અપવિત્ર વાણી ઉચ્ચારે નહિ, નિર્બળતાનાં વચનો કાઢે નહીં; દ્વેષને ઉદગારે નહીં, પાપને શૃંગારે નહીં, પૌરુષને હણે નહીં અને મુગ્ધજનોને છેતરે નહીં." - કાકા કાલેલકર

Rasikvaland1965@gmail.com

ગરીબો માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક આવાસ સાહસરુપે નાગપુરમાં એક પ્રયોગ કરવામાં આવી ચુક્યો છે જેના ભાગરુપે સ્ટીલના માળખા પર આવાસનું નિર્માણ કરાયું છે જેમાં ૭૦ ટકા ફલાયએસ છે. ૨૦મી ફેબ્રુઆરીના દિવસે આનુ ઉદ્ઘાટન કરવામાં આવશે. નિર્માણ ખર્ચ સ્કવેર ફૂટ ૧૦૦૦ રૂપિયા છે. પાંચ લાખ રૂપિયામાં ૪૫૦ સ્કવેર ફુટના આવાસ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે, ૧.૫ લાખની સબસિડી પણ આપવામાં આવનાર છે. આવાસ ખર્ચ ૩.૫ લાખ રૂપિયા રહેશે અને લોન સૌથી ગરીબ લોકોને ૭.૫ ટકા સુધીની રહેશે. સરકાર માત્ર સ્માર્ટસિટી બનાવવા જ ઈચ્છુક નથી પરંતુ પ્રવર્તમાન સિટીઓને આધુનિક જરૂરિયાતો સાથે આગળ વધારવા માટે પણ ઈચ્છુક છે. તેમણે કહ્યું હતું કે, ૧૨ મોટા બંદરો પૈકીના ૧૦ બંદરોમાં સ્માર્ટસિટી રહેશે. કોલકાતા અને મુંબઈ સિવાય સ્માર્ટસિટી અમારા ૧૦ બંદરોમાં વિકસિત કરવામાં આવશે. સ્માર્ટસિટી પીપીપી હેઠળ વિકસિત કરવા આગળ આવવા ગડકરીએ રોકાણકારોને કહ્યું હતું. સરકાર જમીન આપવા માટે તૈયાર છે. સાથે સાથે પારદર્શક લોકો મંજુરી પણ આપશે. ભારત ૧૨ મોટા બંદરો ધરાવે છે જેમાં કંડલા, મુંબઈ, જેએનપીટી, ન્યુ મેંગ્લોર, કોચીન, ચેન્નાઈનો પણ સમાવેશ થાય છે. પારાદીપ, કોલકાતા, વિશાખાપટ્ટન પણ મોટા બંદરો પૈકીના છે. આ તમામ ૧૦ બંદરો દેશના કુલ કાર્ગો ટ્રાફિક પૈકી ૬૧ ટકા કાર્ગોને હાથ ધરે છે.

KALPA-TARU®

KALPATARU POWER TRANSMISSION LIMITED

Registered Office: Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
Tel No: +91 79 2321 4000 **Fax Nos.:** +91 79 232 11966 / 71 **E Mail :** mktg@kalpatarupower.com **CIN :** L40100GJ1981PLC004281

Extract of Unaudited Standalone Financial Results for the Quarter and Nine Months ended 31st December, 2015

(₹ in Lakhs)

Particulars	Quarter Ended 31/12/2015	Nine Months Ended 31/12/2015	Quarter Ended 31/12/2014
Total Income from Operations (net)	86,804	298,406	114,713
Net Profit from ordinary activities after tax	3,811	12,754	4,099
Net Profit for the period after tax (after extraordinary items)	3,811	12,754	4,099
Equity Share Capital (Face Value of ₹ 2 each)	3,069	3,069	3,069
Reserves excluding Revaluation Reserve *	-	-	-
Earnings Per Share (of ₹ 2 each) (not annualised) (₹) (before and after extraordinary items)			
a) Basic	2.48	8.31	2.67
b) Diluted	2.48	8.31	2.67

* Reserves excluding revaluation reserve for the period ended on 31st March 2015 was ₹ 203,980 lakhs.

Notes:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 10th February, 2016.
3. Figures for the previous periods have been regrouped / rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

Manish Mohnot
Managing Director
DIN:01229696

Date : February 10, 2016
Place : Mumbai